# ધરતીમાતાનું દુઃખ

– વસંતલાલ પરમાર

એક દિવસ હવા અને સૂરજ સાથે સહેલગાહે નીકળ્યાં છે. બંને જણાં વાતો કરતાં કરતાં ખૂબ દૂર નીકળી ગયાં. ત્યાં એમના કાને કોઈનો વેદનાભર્યો આર્તનાદ સંભળાયો.

હવાએ નજીક જઈને જોયું તો જોતાં જ એ ચમકીને બોલી ઊઠી : ''અરે, આ તો ધરતીમાતા ! ધરતીમાતા રડી રહ્યાં છે ! ચાલો, એમને આશ્વાસન આપીએ.''

''હા, ચાલો'' કહીને સૂરજે હવાની વાતને સમર્થન આપ્યું.

સૂરજ અને હવા ધરતીમાતા પાસે આવ્યાં અને એમના દુઃખનું કારણ પૂછ્યું.

ધરતીમાતા રડતા અવાજે બોલ્યાં, ''મારાં સંતાનો આજે ભૂખે મરે છે. ચીંથરેહાલ દશા ભોગવી રહ્યાં છે. એ મારાથી સહન થઈ શકતું નથી એટલે રડું છું.''

હવા કહે : ''લોકો ભૂખે કેમ મરે છે. શું વરસાદ નથી વરસ્યો ?''

ધરતીમાતા કહે : ''વરસાદ તો ખૂબ વરસ્યો હતો, પણ પાણી બધુંયે સાગર અને સરિતામાં વહી ગયું અને પાછોતરો વરસાદ ન થવાને કારણે ખેતરોમાં પાક પેદા ન થયો. આજે દુકાળ જેવી પરિસ્થિતિ સર્જાઈ છે.''

સૂરજ કહે : ''લોકોએ પાણી સંઘરી રાખવું જોઈએ. પાણી સંઘરવા માટે તળાવ ખોદવાં જોઈએ. લોકો તળાવ કેમ નથી ખોદતા ?

ધરતીમાતા કહે : ''તળાવ કેમ ખોદાતાં નથી એની તમને ખબર નથી. કદાચ એ લોકોને એનું જ્ઞાન નહિ હોય ?''

હવા કહે : ''ધરતીમાતા ! એમની ફિકર હવે તમે ન કરશો. લોકોને હું તળાવની ઉપયોગિતા સમજાવીશ. તમારું દુઃખ અમે દૂર કરીશું.''

આ વાતને બે–ચાર દિવસ વીતી ગયા.

હવાએ એક ઉપદેશકનું રૂપ ધારણ કર્યું અને એ એક ગામમાં જઈ પહોંચી. ગામના ઠાકરમંદિરમાં લોકોની સભા ભરવામાં આવી.

હવાએ લોકો સમક્ષ જુસ્સાદાર ભાષણ આપ્યું. એમાં લોકોને સ્વાવલંબી બનવાનું અને હળીહળીને કામ કરવા સમજાવ્યું. 'અપના હાથ જગન્નાથ'નો મંત્ર શીખવ્યો. એ પછી ગામને પાણીની તંગી અનુભવવી પડે છે. માટે ગામમાં એક તળાવ ખોદવું એમ પણ સમજાવ્યું.

હવાનું ભાષણ ખરેખર ખૂબ જ પ્રભાવશાળી નીવડયું. લોકોએ તાળીઓના ગડગડાટથી એ વધાવી લીધું.

હવાએ ગામલોકોની ભાવભીની વિદાય લીધી ત્યારે એ ખુશખુશાલ હતી. એને વિશ્વાસ હતો કે ગામલોકો એના કહેવા પ્રમાણે જરૂર કરશે.

પરંતુ આ તો 'શેઠની શિખામણ ઝાંપા સુધી' એ પ્રમાણે થયું.

વર્ષાઋતુ આવી વરસાદ પણ ખૂબ વરસ્યો. પરંતુ ગામલોકોએ તળાવ ખોદ્યું ન હોવાથી બધુંયે પાણી વહી ગયું.

હવાને આ વાતની જ્યારે ખબર પડી ત્યારે એ વિમાસણમાં પડી. એની આશા ઠગારી નીવડી. એના ભાષણની અસર ક્ષણિક હતી. લોકોએ આ કાને સાંભળ્યું અને બીજે કાને કાઢી નાંખ્યું.

હવે શું કરવું ? ધરતીમાતાનું દુઃખ દૂર કેમ કરવું ?

હવા સૂરજને કહેવા લાગી : સૂરજભાઈ આ ગામના લોકો ગમાર છે, ધરતીમાતાનું દુઃખ દૂર કરવા હવે શું કરીશું ?

સૂરજ હસીને બોલ્યો : 'બહેન ! એમ નિરાશ ન થશો. હવે હું મારો ઉપાય અજમાવું.'

હવા કહે : ''ભાઈ ! મને તો આશા નથી, પરંતુ જો તમને વિશ્વાસ પડતો હોય તો તમારો ઉપાય અજમાવો.''

બીજે દિવસે સાંજે સૂરજ મજૂરનો વેશ ધારણ કરી પેલા ગામમાં પહોંચ્યો. કોઈની સાથે વાતચીત ન કર્યા સિવાય એ સીધો ગયો ગામને પાદર, ત્યાં એક પડતર જમીનનો ટુકડો પડયો હતો. એના પર કોદાળીથી ખોદવા મંડી પડયો.

આખી રાત સૂરજ ખોદતો રહ્યો. પાંચ સાત હાથ ઊંડો ખાડો એણે ખોદી નાખ્યો. પરોઢ થતાં પહેલાં સૂરજ ત્યાંથી વિદાય થયો.

સવારે ગામલોકો ખોદાયેલો ખાડો જોઈને વિચારમાં પડયા અને એકબીજાને પૂછવા માંડયા :

''અહીં કોણે ખોદ્યું હશે ? કાલે સાંજે એક મજૂર જેવો આવ્યો હતો, એને કોણે મોકલ્યો હશે ? શું એણે આ કામ કર્યું હશે ?''

સાંજ પડી. લોકોએ જોયું તો પેલો કાલવાળો મજૂર આજે પણ આવી રહ્યો છે. એના ખભે કોદાળી છે અને હાથમાં પાવડો અને ટોકર છે. આવતાંવેંત જ એ કોઈની સાથે બોલ્યા–ચાલ્યા વગર સીધો પોતાના કામે લાગી ગયો.



આમ ચાર–પાંચ દિવસ વીતી ગયા.

લોકોને આથી આશ્ચર્ય થયું. એક દિવસ દશ–બાર જણા એની પાસે ગયા અને 'રામ રામ' કરીને પૂછ્યું :

''ભાઈ ! તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? અહીં શું કરો છો ?''

સૂરજે કહ્યું : ''ભાઈઓ ! હું તો એક મજૂર છું. અહીં તળાવ ખોદવા આવ્યો છું.''

''તમને કોણે મોકલ્યા છે ? તમને અહીં તળાવ ખોદવાથી શો ફાયદો થશે ?''

''મને કોઈએ મોકલ્યો નથી. હું જાતે જ આવ્યો છું. મને નહીં પણ તમારા ગામને જરૂર લાભ થશે. તમારા ગામને તળાવની ખૂબ જરૂર છે. એ જરૂરિયાત પૂરી પડશે તો મને ખૂબ આનંદ થશે.''

''શું તમે એકલા તળાવ ખોદશો ?''

''હા, કેમ નહિ ! સમય તો લાગશે જ, પરંતુ તળાવ ખોદવું એ ચોક્કસ વાત. ભલે બે પાંચ વરસ વીતી જાય.''

''અમે તમને મદદ કરીએ તો ?''

''તો તો આનંદની વાત. તળાવ ઝટપટ ખોદાઈ જશે.''

સૂરજની સાથે ગામલોકો જોડાયા. થોડા દિવસમાં તળાવ ખોદાઈ ગયું.

પોતાનું કામ પૂરું થયે સૂરજે ગામ લોકોની વિદાય લીધી.

હવાએ આ જોયું. એણે આ ચમત્કારની વાત પૂછી.

સૂરજે કહ્યું : ''બહેન ! તમે લોકોને તળાવ ખોદવાનું કહેતાં હતાં, ઉપદેશ આપતાં હતાં. જ્યારે હું કામ કરતો હતો એની લોકો પર અસર પડી અને મારી સાથે જોડાયા. લોકોને ઉપદેશની જરૂર નથી, પણ સાચા કાર્યકરની જરૂર છે.''

હવાને સૂરજની વાત સમજાઈ ગઈ. વર્ષાઋતુ આવી, વરસાદ ખૂબ વરસ્યો. લોકોએ સાચા તન–મનથી તળાવ ઊંડું ખોદેલું હતું. એટલે વરસાદના પાણીથી તળાવ ચિક્કાર ભરાઈ ગયું. લોકોને વાપરવા પાણી મળ્યું, ઢોરને પીવા પાણી મળ્યું, અને ખેતીવાડી માટે પણ પાણી ઉપયોગી નીવડયું.

આ જોઈ ધરતીમાતા ખુશખુશ થઈ ગયાં. એમણે હવા અને સૂરજને શાબાશી આપી.

હવા બોલી : 'ધરતીમાતા ! સાચી શાબાશીને પાત્ર તો સૂરજભાઈ છે. એમણે લોકોને ઉપદેશ આપ્યા વગર કામ કરીને લોકોને કામ કરતા કરી દીધા. ખરેખર 'કહેવા કરતાં કરવું ભલું' એ વાત સાચી છે.''

ધરતીમાતાના આશીર્વાદ લઈને હવા અને સૂરજ પોતપોતાને રસ્તે વિદાય થયાં.

■